# ડીસા પંથકમાં મધરાતથી સવાર સુધી વત્તા-ઓછા પ્રમાણમાં વરસાદી છાંટા

ડીસા, તા.૨૦

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચેક દિવસથી આકાશમાં ઘટાટોપ વાદળા છવાયેલા છે ત્યારે મધરાતે ડીસા પંથકના કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા છાંટા પડયા હતા જેના કારણે ચોમાસા જેવો માહોલ વર્તાયો હતો તો બીજી તરફ વરસાદના પગલે ખેતી પાકોમાં નુકશાનની ભિતી ઉભી થતાં ખેડૂતોનો જીવ તાળવે ચોંટયો હતો.




ડીસા પંથક અને સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક સપ્તાહથી આકાશમાં વાદળ છવાયેલા રહ્યા છે. બે દિવસ પહેલા સાંજના સુમારે બનાસકાંઠા જિલ્લાના લાખણી, દિયોદર, ભાભર, કાંકરેજ સહિતના વિસ્તારમાં ભારે આંધી સાથે છુટાછવાયા વરસાદી ઝાપટા પડતાં ખેડુતોમાં દોડધામ મચી જવા પામી હતી. જેમાં ગત રોજ બપોરના સમયે ફરી આકાશ વાદળથી ગોરંભાયું હતું. અને મોડી રાતે કેટલાક વિસ્તારોમાં વિજળીના ચમકારા સાથે ઝાપટા પડયા હતા. ગત રોજ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં થયેલ વરસાદને કારણે સમગ્ર વાતાવરણ એકદમ ઠંડુ અને આહલાદક બન્યું હતું. વરસાદ ઓછાવત્તા પ્રમાણમાં સવારના ૧૦ વાગ્યા સુધી ચાલુ રહેવા પામ્યો હતો જેના કારણે ખેડુતોમાં ફાળ પડી હતી. એરંડાના પાક અને ઘઉંનું ઉસલુ બગડવાની ભિતીથી ખેડુતોમાં અફડા તફડી જોવા મળી હતી. તાપમાનમાં ઘટાડો થતાં લોકોએ ગરમીથી રાહત અનુભવી હતી. જો કે બપોર બાદ આકાશ સ્વચ્છ બન્યું હતું.



બાયડ જિલ્લામાં મધરાતે કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા છાંટા પડયા હતા જેના કારણે ચોમાસા જેવો માહોલ વર્તાયો હતો તો બીજી તરફ વરસાદના પગલે ખેતી પાકોમાં નુકશાનની ભિતી ઉભી થતાં ખેડૂતોનો જીવ તાળવે ચોંટી ગયા હતા. (તસવીર : સમીર બલોચ)

# રાજયમાં કમોસમી વરસાદને કારણે કેટલાક ઉનાળુ પાકોને નુકશાનની ભીતી

ગાંધીનગર, તા.૨૦

રાજયના કેટલાક વિસ્તારોમાં માવઠું થતાં કેટલાક કૃષિ પાકોને નૂકશાન થવાની ભીતી વ્યકત કરવામાં આવી છે. વરસાદને કારણે કેરીના પાકને નૂકશાન થવા પામ્યું હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયમાં મોટા ભાગના વિસ્તારમાં છુટો છવાયો સામાન્ય વરસાદ થવા પામ્યો છે. જો કે આ વરસાદને કારણે હાલ કૃષિ પાકોને કોઈ નૂકશાન થયાના અહેવાલો નથી.

પરંતુ આગામી બે ચાર દિવસ સુધી આવું વાતાવરણ રહે અને છુટો છવાયો વરસાદ ચાલુ રહે તો બાજરી અને મગફળી જેવા પાકોને નૂકશાન થવાની શકયતા સેવાઈ રહી છે. જો કે હાલકૃષિ ક્ષેત્રે રાજયમાં થયેલ વરસાદને કારણે કોઈ જ મોટું નૂકશાન થયાના અહેવાલો સાંપડયા નથી.

આ વરસાદને કારણે કેરી જેવા કેટલાક બાગાયતી પાકોને નૂકશાન થયું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી છે. વરસાદ થાયતો કેરીમાં શાક પડી જાય અને કેરીનો પાક બગડે તેવું કૃષિ અધિકારીઓનું માનવું છે. આથી હાલમાં જે વરસાદ થયો છે તેના કારણે કેરીના પાકને નૂકશાન થયાની ભીતી વ્યકત કરવામાં આવી રહી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં રાજયમાં થયેલ વરસાદને કારણે કયાંય કોઈ કૃષિ પાકોને નૂકશાન થયું છે કે નહીં? થયું છે તો કયા પાકને કેટલા વિસ્તારોમાં કેટલું નૂકશાન થયું છે તે અંગેનો સર્વે કરવા માટેની સૂચના જિલ્લા ખેતીવાડી અધિકારીઓને આપી દેવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાં પણ કમોસમી વરસાદને કારણે આ વિસ્તારમાં જીરૂ જેવા પાકને નૂકશાન થવાની ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે. જો કે આ અંગે જિલ્લા તંત્ર દ્વારા પાકને નૂકશાન થયું છે કે નહીં તે અંગેનો સર્વે કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં રાજયમાં થયેલા છૂટો છવાયો વરસાદને કારણે કૃષિ પાકોને કોઈ ખાસ મોટું નૂકશાન થયું નથી આમ છતાં જિલ્લામાંથી આ અંગેના સર્વે અહેવાલ આવ્યા બાદ જ ખ્યાલ આવશે કે કૃષિ પાકને નૂકશાન થયું છે કે નહીં. કૃષિ વિભાગ દ્વારા પણ હવામાન ઉપર સતત નજર રાખવામાં આવી રહી છે અને પાકને બચાવવા શું કરવું તે અંગે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

# ચાણસ્મા તાલુકાના મીઠીધારિયાલ ગામે પીવાના પાણીની તંગી

ચાણસ્મા, તા. ૨૦

ચાણસ્મા તાલુકાના આશરે ૪૦૦૦ કરતાં પણ વધારેની જનસંખ્યા ધરાવતા મીઠીધારિયાલ ગામે પીવાના પાણીનો બોર છેલ્લા એક માસથી મૃત અવસ્થામાં પડેલો હોઈ ગામલોકોને પીવાનું પાણી મેળવવા ખેતરના બોર ઉપર ભરઉનાળે રઝળપાટ કરવી પડી રહી છે. જ્યારે બીજી બાજુ મોઢેરા પાયલોટ પ્રોજેક્ટનું પાણી અપુરતું મળતું હોવાથી પનિહારીઓની હાલત ખૂબજ દયાજનક બની છે.

એકબાજુ ઉનાળાની અસહ્ય ગરમી, બીજીબાજુ લગ્નસરાની સિઝનના સમયે જ પાણીનું લેવલ ઊંડુ જવાના કારણે પીવાના પાણીનો બોર બંધ હાલતમાં છે. મોઢેરાથી પાયલોટ પ્રોજેક્ટ આધારિત પીવાનું પાણી અપૂરતું મળે છે. હાલમાં ગામલોકો તેમજ પશુઓની હાલત પાણી વિના ખૂબ જ ચિંતાજનક બની છે. પાણીનું લેવલ ઊંડું જવાથી તેમજ પમ્પિંગ મશીનરીની ખામીથી ઉભી થયેલ આ સમસ્યા માટે પંચાયતની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે આ પ્રશ્ન હલ કરવામાં હાડમારી ઉભી થઈ છે. સ્થાનિક અગાઉની ગ્રામ પંચાયતના અણધડ વહિવટના કારણે આ સમસ્યા સર્જાયેલી છે. પાણી પુરવઠા તંત્ર દ્વારા આ પ્રશ્નને ગંભીરતાથી નહીં લેવામાં આવે તો આગામી દિવસોમાં પાણી વિના ગામલોકોને ઢોરઢાંખર સાથે હિજરત કરવી પડે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# તલોદ પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલની મનમાનીથી રહીશોમાં રોષ

તલોદ, તા. ૨૦

તલોદ પોલીસ મથકમાં મહિલા કોન્સ્ટેબલ પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા ક્રિષ્નાબેન ડામોરની મનમાનીથી ન્યાય અંગે આવતા લોકોમાં રોષ વ્યાપ્યો છે. પોતાના અંગત કામકાજ અર્થે કલાકો સુધી સરકારી ફોનથી વ્યસ્ત રહેતા અને લોકોને સાચી માહિતીથી વંચિત રખાતા અને વાહલાદવલાની નિતિ અપનાવતા આવા અધિકારીનું સ્થાન બદલવા લોકોમાં માંગ ઉઠવા પામી છે.

મળતી માહિતી અનુસાર તલોદના સ્થાનિક પી.એસ.આઈ. વી.વી. આડેદરા છ દિવસની રજા પર હોવાથી અને ચાર્જ સંભાળતા પી.એસ.આઈ. ચૌહાણની સતત ગેરહાજરી હોવાથી તલોદ પોલીસમથક રણીધણી વગરનું બની ગયું છે. આમ પોલીસ મથક મુખ્ય ભૂમિકા પી.એસ.ઓ.ની હોવાથી આ મહિલા કોન્સ્ટેબલ અનિયમિતતા દાખવતા હોવાથી અને પોતાના કામકાજોમાં વ્યસ્ત રહેવાથી ન્યાય માટે આવતા રહીશો કલાકો સુધી આમ તેમ ટહેલતા નજરે પડતા હોય છે અને આવા અધિકારીને આજીજી કરી તેમના અપમાનજનક શબ્દો વેઠવા પડે છે. તેમછતા પણ એક જ જગ્યાએ કાયમી અડ્ડો જમાવી બેઠેલા મહિલા કોન્સ્ટેબલની બદલી નથી થતી તેવો પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. તેમજ રહીશોએ આ મામલે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી મહિલા કોન્સ્ટેબલની સત્વરે બદલી કરવા માંગણી કરી છે.

## શાહીબાગ પોલીસે કોન્સ્ટેબલની ધરપકડ કરી

# દારૂ પીધેલા કોન્સ્ટેબલે પી.આઈ.ના લમણા પર રાયફલ તાકી દીધી

અમદાવાદ, તા.૨૦

શહેરના શાહીબાગ વિસ્તારમાં ચિક્કાર દારૂ પીધેલા પોલીસ કોન્સ્ટેબલે પી.આઈના લમણે રાયફલ તાકી દીધી હોવાની ચોંકાવનારી ઘટના બનવા પામી છે. પી.આઈએ આ અંગે કોન્સ્ટેબલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવતાં શાહીબાગ પોલીસે કોન્સ્ટેબલની ધરપકડ કરી છેર ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ગત રાત્રીના સુમારે ઘોડા કેમ્પ અનાજ ગોડાઉન પાસેના વેરહાઉસ ખાતે હેડક્વાર્ટરના આર્મ કોન્સ્ટેબલ રાજેશ શંકરભાઈ અને અન્ય પોલીસ કર્મીઓને નાઈટ ડ્યૂટીની ફરજ સોંપવામાં આવી હતી. દરમ્યાનમાં આજે સવારના છ વાગ્યાના સુમારે હેડક્વાર્ટરના પી.આઈ. આર.એસ.તોમર, ચૌધરી અને રાજપૂત સહિતના અધિકારીઓ ચેકીંગ માટે નીકળ્યા હતાં.

વેર હાઉસ ખાતે ચેકીંગ કરતાં ફરજ પર હાજર રાજેશ શંકરભાઈ સુતેલી હાલતમાં હતાં. જેથી પી.આઈ આર.એસ.તોમરે તેને ઉઠાડ્યો હતો. જેથી ચિક્કાર દારૂ પીધેલા જણાઈ આવતાં કોન્સ્ટેબલે પી.આઈને ગાળાગાળી શરૂ કરી દીધી હતી. પી.આઈએ ગાળો બોલવાની ના પાડતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને પોતાની સર્વીસ રાયફલ પી.આઈ તોમરના લમણે તાકી દીધી હતી. દરમ્યાનમાં અન્ય પી.આઈ ચૌધરી અને રાજપૂત ત્યાં દોડી આવ્યા હતાં. અને મહામુસીબતે દારૂ પીધેલા કોન્સ્ટેબલ રાજેશ શંકરભાઈ પાસેથી રાયફલ ખેંચી લીધી હતી. બાદમાં ઘટનાની જાણ શાહીબાગ પોલીસને કરાતાં શાહિબાગ પોલીસ દોડી આવી હતી અને ચિક્કાર દારૂ પીધેલા રાજેશ શંકરભાઈની ધરપકડ કરી હતી.

# હિંમતનગરના પરબડા ગામે પ્રૌઢ ઉપર પડોશીએ હુમલો કર્યો

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના પરબડા ખાતે રહેતા એક પ્રૌઢ ઉપર તેમના પડોશીએ લાકડીથી હુમલો કરતા તેમને કાન તેમજ હાથ ઉપર ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

પરબડા ગામે રહેતા નિવૃત્ત ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારી અબ્દુલમીયા જીવામીયા શેખ પોતાના સ્કુટર ઉપર જઈ રહ્યા હતા ત્યારે તેમની પડોશમાં રહેતા સીકંદરભાઈ મકરાણીએ 'તુ મારા ઘરની આજુબાજુ કેમ આંટા મારે છે' તેમ કહી લાકડીથી હુમલો કરતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. તેમને તાત્કાલિક હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે. પડોશીના હુમલાનો ભોગ બનેલા અબ્દુલમીયા શેખના પુત્રએ ટાઉન પોલીસ સ્ટેશનમાં સીકંદરભાઈ મકરાણી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા મહેતાપુરા બીટના હેડ કોન્સ્ટેબલ ભીખાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

# નિકોડાના યુવકે કુવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

હિંમતનગર, તા.૨૦

હિંમતનગર તાલુકાના નિકોડા ગામના એક યુવાને બિમારીથી કંટાળી કુવામાં પડી આત્મહત્યા કરી લેતા ગામમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. પોલીસે અકસ્માતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાંભોઈ પોલીસ સ્ટેશનથી પ્રાપ્ત થયેલ વિગત અનુસાર, હિંમતનગર તાલુકાના નિકોડા ગામનો ૩૩ વર્ષીય યુવાન દિનેશભાઈ મુળજીભાઈ પંડયા છેલ્લા પાંચ માસથી કીડનીની બિમારીથી પીડાતો હતો. બિમારીથી તંગ આવી યુવાને ગામના સીમાડામાં આવેલા એક કુવામાં ઝંપલાવી મોતને વહાલું કર્યું હતું. બનાવની જાણ થતાં તેના પરિવારજનો અને પોલીસ મૃતદેહને કુવામાંથી બહાર કાઢી પોષ્ટમોર્ટમ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. યુવાન દિનેશભાઈ પંડયાએ આત્મહત્યા કરી હોવાના સમાચાર ગામમાં પ્રસરતા ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

## હવામાનમાં બદલાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાનમાં પલટા આવે અને અખાત્રીજથી મે માસની શરૂઆત સુધીમાં તેમજ મે તા. ૬ થી ૧૩માં હવામાનમાં પલટા સાથે રાજય સહિત દેશના વિવિધ ભાગમાં કમોસમી વરસાદ થઈ શકે. એપ્રિલ-મેમાં હવામાનમાં વારંવાર પલટા આવે. આથી ગ્રહો અને નક્ષત્રોની ગતિવિધિના આધારે અને ભૂ-ભૌગોલિક ગતિવિધી જોતાં ગુજરાતમાં એકંદરે ચોમાસુ વરસાદ સારો રહે. આમ છતાં ચૈત્ર વદમાં દનયા તપ્યા નથી-ચૈત્રમાં ગરમી પડી નથી આથી ગુજરાતમાં ઉત્તર ગુજરાતના મહેસાણાથી દક્ષિણ ગુજરાતનાં સુરત સુધીનાં પટ્ટામાં ખંડવૃષ્ટિની સંભાવના રહે તેમજ મધ્યભાગમાં પણ છૂટક-છૂટક વરસાદ અને કાંઠા વિસ્તારો સૌરાષ્ટ્ર અને કચ્છમાં દરિયાઈ પવનોના લીધે કેટલાક ભાગોમાં ભારે વરસાદના યોગ જણાય. રાજયના કાંઠા ભાગોમાં ૩૫ ઈંચ કે તેથી વધુ વરસાદ થઈ શકે. દેશના અન્ય ભાગોમાં ચોમાસું સારું જવાની ધારણા રહે. હાલમાં મહારાષ્ટ્રમાં ગરમીનો દોર ચાલુ છે. આથી મે માસમાં ગરમી પડતાં રાજયમાં ચોમાસુ કેવું રહેશે તેનું અનુમાન થઈ શકે. પરંતુ મે માસમાં પણ હવામાનમાં વારંવાર પલટા આવતાં વરસાદ સારો હોવા છતાં વરસાદના ગર્ભ ઉપર વિપરીત અસર થતાં ચોમાસુ જૂનની શરૂઆતમાં વરસાદ થયા પછી અસામાયિક પણ થઈ શકે, એપ્રિલ માસમાં દેશના ઉત્તરીય પર્વતિય પ્રદેશોમાં બરફ વર્ષા ભારે રહેશે તો અને મે માસ વધારે ગરમ નહિ રહે તો જૂન-જુલાઈમાં વરસાદની સ્થિતિ પોષણ ન પણ રહે. આથી આગામી દિવસોમાં જોતાં હાલના ચોમાસા અંગે અનુમાન કરતાં મે માસમાં વારંવાર હવામાનમાં પલટાતી રાજયમાં ધૂળભરી આંધી વધારે આવે અને સમુદ્રના વિસ્તારોમાં ચક્રવાતની સંભાવના રહે તા. ૧૭ મે પછી આંદામાન-નિકોબાર ટાપુ ઉપર વરસાદી ઝાપટાં પડવાની વકી રહે. આથી આગામી ચોમાસા અંગે ઉત્તર ગુજરાતથી મધ્ય ગુજરાતના ભાગોમાં હાલના યોગો જોતાં ખંડવર્ષ વરસાદી સંભાવના જયારે કાંઠા વિસ્તારોમાં પવનના પ્રકોપ સાથે ભારે વરસાદના યોગો રહે.

## અંન્ડરપાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હતી. શહેરના મુખ્યમાર્ગો પરના ટ્રાફિક સિનાયરીયાને ધ્યાને લઈ હાથ ધરાયેલ અન્ડરપાસના આયોજન સંદર્ભે વિશેષ રીપોર્ટ તૈયાર કરવા પણ કન્સલ્ટન્ટને જવાબદારી સોંપવામાં આવી હતી. જો કે પ્રાથમિક કક્ષાએ અભ્યાસ હાથ ધરાયા બાદ પ્રથમ તબક્કામાં માત્ર એક જ ઠેકાણે અન્ડરપાસ બનાવવા પણ વિચારણા હાથ ધરાઈ હતી. અન્ડરપાસના નિર્માણ માટે રૂટ પરની ટેકનીકલ બાબતોનો પણ યોગ્ય અભ્યાસ હાથ ધરવો પડે તેમ હોવાથી હજુ આ મામલે કોઈ આખરી આયોજન થઈ શકયું ન હોવાનું વિભાગના સૂત્રો જણાવી રહ્યા છે. સ્વર્ણિમ પાર્કને નિખારવા બીજા તબક્કાનું કામ પણ ટૂંકમાં શરૂ થઈ જશે ત્યારે આ યોજનાને અનુલક્ષી અન્ડરપાસ બનાવવાના મામલે લાંબા સમયને અંતે કોઈ પ્રગતિ થઈ શકી નથી. અલબત્ત દોઢ વર્ષના અંતે પણ આયોજન આખરી થઈ શકયું નથી.

## શાળાઓનો કબ્જો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળામાં ગોઠવીને વધના કર્મચારીઓની યાદી વિભાગને તાત્કાલિક મોકલી આપવા પણ જણાવ્યું છે. તો શાળાના આચાર્યના કિસ્સામાં આવી જાણ ખાનગી પત્ર લખી કરવા જણાવ્યું છે.

સરકારના શિક્ષણ વિભાગે રજીસ્ટ્રેશન રદ કરવાની કાર્યવાહી હાથ ધરવાની કામગીરી અંગે કરેલા આ વિસ્તૃત હુકમમાં જે તે શાળાના આચાર્ય અને પોતાની સહીથી માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ તેમજ વિનિયમો ૧૯૭૪ની પ્રવર્તમાન જોગવાઈઓને ધ્યાને લઈને અન્યશાળામાં મર્જ થતી શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓને પરીક્ષાના પરિણામ પહેલાં જાણ કરવા તેમજ તે અંગેના આધાર-પુરાવા સાથેનો અહેવાલ પણ મોકલી આપવા જણાવ્યું છે.

શિક્ષણ વિભાગમાં આજે ઉચ્ચકક્ષાએ આ નિર્ણયની સમીક્ષા પણ શિક્ષકસંઘના હોદ્દેદારો અને કેટલાક આગેવાનો સાથે કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શાળામાં વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાને લઈ વહીવટીય રીતે તેનું સંચાલન ઉચિત ન જણાતાં સરકારે આ નિર્ણય કર્યો છે. આ શાળાઓનું ધો. ૧૦ અને ધો. ૧૨નું પરિણામ સતત ત્રણ વર્ષથી નબળુ આવે છે તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા દિનપ્રતિદિન ઘટી રહી હોવાનો એકરાર સરકારે તેના વિધિવત્ નિર્ણય કરતાં નોંધી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરને નોલેજ કોરીડોર બનાવવાનો અભિગમ સરકારે અપનાવ્યો છે. ત્યારે તેની જ સંસ્થાઓના નબળા પરિણામોની વિપરીત અસર સરકારના લક્ષ્યાંકો પર પડી રહી હોવાનું જણાતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે તેમ પણ ચર્ચાઓ જાગી છે.

આ શાળાઓનો કબ્જો તાત્કાલિક મેળવી લેવા તેમજ ફર્નિચર અને સાધન સામગ્રી તાત્કાલિક તબદીલ કરવા માટે શિક્ષણ વિભાગે તાકીદ કરી દેતાં શિક્ષણ જગતમાં આઘાતની લાગણી વધુ તીવ્ર બની રહી છે.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| સાબરકાંઠા જિલ્લામાં | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫ ૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧